# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૩૦–૦૮–૨૦૦૯

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર ધ્વારા મોટીવેશન સ્પીકર શ્રી શિવ ખેરાનો સેમિનાર યોજાયો

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ઓરા ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે જાણીતા મોટીવેશન સ્પીકરશ્રી શિવ ખેરાનો સેમિનાર સરદાર સ્મૃતિ ભવન,મિની બજાર,વરાછા,સુરત ખાતે યોજાયો હતો.

આ સેમિનારમાં જાણીતા પુસ્તક 'યુ કેન વીન' ના લેખક અને મોટીવેશન સ્પીકર શ્રી શિવ ખેરાએ 'વીનર્સ ડોન્ટ ડુ ડિફરન્ટ થિંગ્સ' અને 'એકશન,એટિટયૂડ એન્ડ એકમ્પ્લીશમેન્ટ' વિશે પ્રેરણાત્મક વકતવ્ય રજૂ કર્યુ હતું.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી. માંડલેવાળાએ પોતાના સ્વાગત પ્રવચનમાં કહયું હતું કે,માણસ જીવનમાં જયારે હતાશ થઈ જાય છે ત્યારે એને આશા તરફ દોરવો જરૂરી હોય છે.માણસને નિરાશાવાદથી બચાવવા અને તેને જીત માટેની પ્રરણા મળી રહે એવા માર્ગદર્શનની જરૂર પડે છે. આજે વિશ્વસ્તરે નામના મેળવી ચૂકેલા મોટીવેટર શ્રી શિવ ખેરા જેવા વકતા આપણને મળ્યા છે એ આપણું અહોભાગ્ય છે એમનું વકતવ્ય સૌને માર્ગદર્શક નીવડશે એવી મને આશા છે.

સેમિનારનો આરંભ કરતાં શ્રી શિવ ખેરાએ કહયું કે,સુરત ટેક્ષ્ટાઈલ અને ડાયમન્ડ માટે જાણીતું શહેર છે એટલે આજના શ્રોતાઓ પણ ટેક્ષ્ટાઈલમાં વીંટળાયેલા હીરા જેવા જ હશે એની મને પુરી ખાતરી છે.પોતાની આગવી શૈલીમાં તેમણે કહયું કે દરેક વાતની શરૂઆત સપનાથી જ થાય છે,

પરંતુ એ એવા સપના હોવા જોઈએ જે તમારી ઉંઘ ઉડાડી દેનારા હોય.કેમકે જીવન છે તો સપના છે,સપના છે તો મંઝીલ છે,મંઝીલ છે તો રસ્તો છે, રસ્તો છે તો અવરોધો છે,અવરોધ છે તો હિંમત છે–વિશ્વાસ છે અને હિંમત છે તો પછી જીત તો નિશ્ચિત છે જ.

–૨

તેમણે પાવર ઓફ પોઝીટીવ થિન્કીંગ વિશે વાત કરતાં કહયું કે જગતમાં બે પ્રકારના લોકો છે,હકારાત્મક અને નકારાત્મક.માણસમાં આત્મવિશ્વાસ હોવો જોઈએ પણ નમ્રતા વિનાનો આત્મવિશ્વાસ અહંકાર બની જતો હોય છે.તેમણે કહયું કે,જીવન એક નિર્ણય હોઈ શકે છે અને એક સમજૂતિ પણ હોઈ શકે છે,સવાલ તમારી દ્રષ્ટિનો છે.નિંદા અને ટીકા વિશે તેમણે કહયું કે, ટીકા કરનારા તો તમે સારૂ કામ કરશો તો પણ ટીકા કરશે અને ખોટું કરશો તો પણ ટીકા જ કરશે એટલે આગળ વધવું હોય તેણે ટીકા તરફ ઘ્યાન ન આપવું જોઈએ.કેટલીક ટીકાઓ સર્જનાત્મક પણ હોઈ શકે છે,જેમકે જો તમે કોઈ વ્યકિતની નહીં પણ એના વર્તનની ટીકા કરો કે સ્પષ્ટ અને મુદાસરની ટીકા કરો છો તો તેનાથી સામેવાળાને પોતાના વર્તનમાં સુધારો કરવાની ઈચ્છા થશે.

જીવનના અનુભવોને ટાંકતા  તેમણે કહયું કે,કપરા સંજોગોમાં માણસે મગજને શાંત રાખીને નિર્ણય લેવો જોઈએ પણ તમારી શાંતિ મકકમતાવાળી હોવી પણ જરૂરી છે,સફળતા કે જીત માટેની પહેલી શરત તમારી જાત સાથેની કટીબઘ્ધતા છે,જો તમે તમારી જાતને વફાદાર  રહી શકો તો જ તમે તમારા પરિવારને,સમાજને,રાજયને કે દેશને વફાદાર રહી શકશો.દરેકના જીવનમાં ટર્નીંગ પોઈન્ટ આવે છે અને દરેક ઘટનામાંથી  તેણે કંઈક શીખવાનું હોય છે.તેમણે એમ પણ કહયું કે નેતાગીરી કે વડિલપણું એ કંઈ લોકપ્રિયતાની સ્પર્ધા નથી.એમાં કયારેક તમારે કઠોર પણ બનવું પડે છે કેમકે કયારેક કઠોર બનીને પણ તમે દયાળુ બનતા હો છો.તેમણે સરહદની રક્ષા કરી રહેલા જવાનનું મહત્વ સમજાવતાં કહયું કે,જવાનને કારણે જ તમને બોલવાની આઝાદી મળે છે.જીવનમાં શિસ્તનું મહત્વ અને શિસ્તની તાલીમની જવાબદારી સમજાવતાં કહયું કે,બાળકના જીવનને સુધારવાનું કામ મા–બાપ અને શિક્ષકનું જ છે.બાકીના સંબંધો તેને સજા જઆપે છે.વિપરીત સંજોગોમાંજ માણસના ચરીત્રની ખરી કસોટી થાય છે.

જે પોતાના લક્ષ્યને સિઘ્ધ કરવાની વાતને શ્વાસથીય વધુ મહત્વ આપી શકે એને જ સફળતા મળે છે.જીતની માત્ર ઈચ્છા કરવાથી જીત નથી મળતી,જીત માટે ઈચ્છા નહીં પણ મકકમ ઈરાદો હોવો જરૂરી છે,કેમકે ઈચ્છાનો સોદો થઈ શકે છે ઈરાદાનો સોદો થઈ શકતો નથી.દેશભકિતની તાકાતનો ઉલ્લેખ કરતાં તેમણે કહયું કે,જયાં સુધી દેશમાં એક સાચો દેશભકત હશે ત્યાં સુધી દેશ મહાન રહેશે.તેમણે આજના રાજકારણીઓની ટૂંકી દ્રષ્ટિ અને દેશમાં નાત જાત અને ધર્મના આધારે ભાગલા પાડવાની નીતિને દેશ સામેનો સૌથી મોટો ખતરો ગણાવ્યો હતો.

તેમણે કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રભાવના સાથેની ટૂંકી વીડિયો ફિલ્મ ઘ્વારા 'નેશન ફર્સ્ટ' નો સંદેશ શ્રોતાઓ સુધી પહોંચાડયો હતો જેમાં તેમણે કહયું હતું કે,દેશમાં જો કોઈ અનામતની જરૂર છે તો તે ફકત આવકના આધારે જ હોવી જોઈએ.એ રીતે જ જેમ નાગરિકોને તેમના પ્રતિનિધીને પસંદ કરવાનો અધિકાર છે એ રીતે જ એ પ્રતિનિધી જો બરાબર કામ નહીં કરે તો તેને પાછો બોલાવી લેવાનો અધિકાર પણ મળવો જોઈએ.
કાર્યક્રમના સહઆયોજક ઓરા ફાઉન્ડેશનના શ્રી પ્રકાશ આનંદાનીએ ફાઉન્ડેશનની રચના અને ગતિવિઘીનો ખ્યાલ આપ્યો હતો.ઓરા ફાઉન્ડેશનના શ્રી વિનય મોદીએ આભારવિધી આટોપી હતી.